# સાદરા સંકુલમાં સફાઈ અભિયાન હાથ ધરાયું



ગાંધીનગર, તા. ૩

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના પાયામાં સેવા, સમર્પણ સ્વચ્છતા, સત્ય અને અહિંસાના ગુણો પડેલા છે તેમાંના સ્વચ્છતાના ગુણને ઉજાગર કરવા મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના હિંચકાબાગ, ગાંધીબેઠક, કસ્તુરબાર બેઠક, ઔષધબાગ, શતાબ્દી સ્મતિબાગ, આરોગ્ય કેન્દ્ર, ઉદ્યોગ કેન્દ્રમાં ત્રણ દિવસ માટેનું સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. સ્વચ્છ સંકુલ-સ્વચ્છ ભારત સૂત્રને લક્ષમાં રહી સંકુલના તમામ વિદ્યાર્થીઓ, તમામ અધ્યાપકો, તમામ સેવકો સાથે મળી સંકુલને ચોખ્ખુચણાક બનાવી દીધું હતું. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના નેતૃત્વમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ ભટ્ટ અને ડૉ. મોતી દેવુના માર્ગદર્શન મુજબે સાદરા સંકુલમાં સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

### આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત

# ચિલોડા ગ્રામ આરોગ્ય સમિતિ દ્વારા યોગ સપ્તાહની ઉજવણી



ચિલોડા, તા. ૩

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલી પેટા આરોગ્ય કેન્દ્ર તથા હોમિયોપેથિક દવાખાના આરોગ્ય ગ્રામ સમિતિ દ્વારા ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત એક સપ્તાહ સવારે યોગાભ્યાસ કરી અનોખી નિયમિત યોગા, પ્રાણાયામ, આસનોનો અભ્યાસ સહિત નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ટ્રેનર તરીકે ડૉ. કૌશલ નાયક, ડૉ. ઘનશ્યામ પ્રજાપતિ, ગ્રામ આગેવાન નટુભાઈ પટેલ તથા આરોગ્ય કર્મી જોડાયા હતા.

# ઉત્સાહના વાતાવરણમાં ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાઈ






ગાંધીનગર, તા. ૩

છેલ્લાં આઠ વર્ષથી દર મહિનાના પ્રથમ રવિવારે બલરામ મંદિર, ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજવામાં આવે છે. આજે તા. ૩ જુલાઈના રોજ યોજાયેલ પુસ્તક પરબમાં કુલ - ૭૮૬ પુસ્તકો અને સામયિકોની આપ - લે થઈ હતી. પુસ્તક - સામયિકો મળી કુલ ૬૪૦ ભેટમાં મળ્યાં હતાં, જ્યારે પુસ્તક - સામયિક મળી કુલ ૧૪૬ વાચકોને ભેટમાં આપવામાં આવ્યા હતા. ૧૫૦ ઉપરાંત મુકતીઓએ પરબની મુલાકાત લીધી હતી. માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના ઉપક્રમે શિષ્ટ સાહિત્યના પ્રસાર અને માતૃભાષા ગૌરવ હેતુથી આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. આજની પરબ માટે ગજેન્દ્રસિંહ વાઘેલા, પ્રજ્ઞાબેન પટેલ, રોહિણી બેન પરમાર, રણછોડભાઈ પરમાર, આશાબેન સરવૈયા, દિશાંત ગર્ગ, વિષ્ણુસિંહ ચાવડા, એન.પી. થાનકી, સંજય થોરાત, ધાર્મિકભાઈ, તાહિરભાઈ, અજય ઉપાધ્યાય અને સમીર શાહે સહયોગ આપ્યો હતો. કેટલાંક બાળકો પણ આવ્યાં હતાં, અને બાળ સામયિકો પસંદ કરી લઈ ગયા હતા.

## ખૂણેખાંચરેથી

- આજે સાંજના સુમારે શહેરમાં ફુકાયેલ પવને શહેરીજનોને ક્ષણિક રાહત આપી હતી. શહેરીજનો વરસાદની રાહ જોઈ રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે રજાનો માહોલ હોવાથી ટ્રાફિકનું ભારણ ઓછુ હતુ તેમજ બજારોમાં પણ ઓછી ભીડ હતી.
- જે.એમ. ચૌધરી શાળા દ્વારા ડૉક્ટર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.
- ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા પાનસર ખાતે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.
- દહેગામ તાલુકામાં કડજોદરા સેવા સહકારી મંડળીમાં ચેરમેન પેનલનો વિજય થયો છે.
- ગાંધીનગર મનપા દ્વારા ૨૪ કલાકનો કંટ્રોલરૂમ ચોમાસાને લઈ શરૂ કરવામાં આવ્ય છે.
- સચિવાલયમાં સ્ટેનોગ્રાફરોની બદલીનો હુકમો જારી કરવામાં આવ્યા છે.
- વડાપ્રધાનની ગાંધીનગરની મુલાકાતને લઈ બંદોબસ્ત માટે પોલીસે પોઈંટ સંભાળી લીધા છે.
- ગાંધીનગર શહેરમાં મચ્છરોની ઉત્પત્તિ વધી રહી હોવાથી નગરજનો ત્રાહિમામ પોકારી ગયા છે.
- ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે યોજાયેલા સેવાસેતુના કાર્યક્રમમાં ૧૩ હજારથી વધુ અરજદારોએ લાભ લીધો હતો.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના અંગે રોજના ૭૦૦થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

# ચંન્દ્રાલા મુકામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

## સરકારી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભાર્થીઓએ ઘર બેઠા લાભ લીધો





ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકાના ચન્દ્રાલા સ્થિત રામજી મંદિરના શેડમાં દસ ગામોનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચંન્દ્રાલા, છાલા, કાનપુર, ગીયોડ, મહુન્દ્રા, ધણપ, ચિલોડા(ડ), ઈસનપુર મોટા, શિહોલી મોટી અને માધવગઢ વગેરે ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં ગામના અગ્રણી સરપંચ શ્રીમતી શિલ્પાબેન રામચંદ્રભાઈ પટેલ, જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ દિલિપભાઈ પટેલ, ગાંધીનગર મામલતદાર, ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી સહિત દસ ગામોના તલાટી કમ મંત્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સેવાસેતુમાં સરકારી યોજના માટેના લાભાર્થીઓમાં આધારકાર્ડ, આવકના દાખલા, જાતિના દાખલા, આયુર્વેદ કેમ્પ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કર્મીઓ, રેશનીંગ કાર્ડમાં સુધારા-વધારા, બાગાયત ખેતીવાડી, આયુષ્યમાન કાર્ડ તેમજ આરોગ્ય વિભાગ કસ્તુરબા પોષણ સહાય યોજના-૩, જનની સુરક્ષા યોજના-૨, આયુષ્યમાન કાર્ડ, પી.એમ. એમ.જે.વાય, પ્રધાનમંત્રી માતુવંદના યોજના-૧૦, કોવિડ-૧૯, રસીકરણ-૧૧ ડોઝ, એન.સી.ડી. સીજીંગ ૧૧૨ લાભાર્થીઓ, બી.પી., ડાયાબીટીસ, દર્દીઓએ તપાસ કેમ્પ વગેરેની કામગીરી કરવામાં આવી હતી. મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીના હસ્તે આવકના દાખલા લાભાર્થીઓને અર્પણ કર્યા હતા. આ કેમ્પમાં ગામના લાભાર્થીઓ સાથે ગામ આગેવાનો તથા તલાટી કમ મંત્રી યોગેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# જલુંદ-સરઢવ માર્ગ પર રીક્ષા આંતરી જમાઈએ સાસુ પર દાંતરડા વડે હુમલો કર્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના જલુંદ ગામે પતિ મારઝુડ કરતો હોવાની દિકરીએ વાત કરતા માતા દિકરી પાસે પહોંચી ગયા હતા. જયાં જમાઈને ઉંઘતા રાખી દિકરીને લઈ માતા રીક્ષામાં રવાના થઈ ગયા હતા. પરંતુ બનાવની જાણ થતા જમાઈએ બાઈક લઈ અધવચ્ચે રીક્ષાને આંતરી દાંતરડા વડે સાસુ પર હુમલો કર્યો હતો.ત્યારબાદ પતિના બાઈક પાછળ બેસીને પત્નિ પણ પરત જલુંદ ગામે જતી રહી હતી. જયારે બનાવ અંગે સાસુએ જમાઈ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના સરઢવ ગામની યુવતિના લગ્ન જલુંદ ગામના યુવક સાથે થયા હતા. ગઈકાલે સવારે યુવતિએ ફોન કરીને માતાને જાણ કરી હતી કે તેના પતિ છેલ્લા ત્રણ દિવસથી મારઝુડ કરી શારીરીક માનસિક ત્રાસ આપી રહ્યા છે. જેથી દિકરીની વાત સાંભળતા જ માતા તેની સાસરી જલુંદ પહોંચી ગયા હતા. જયાં જમાઈ સુઈ રહ્યા હતા. એટલે દિકરી સાથે વાતચીત કરીને માતા દિકરીને રીક્ષામાં બેસાડી સરઢવ જવા માટે નીકળી ગયા હતા. પરંતુ આ તરફ જમાઈ જાગી જતા અને સાસુ આવીને તેની પત્નિને લઈ ગયા હોવાની જાણ થઈ હતી. જેથી જમાઈએ બાઈક લઈ ઘરેથી નીકળ્યો હતો અને જલુંદ-સરઢવ માર્ગ પર ગરનાળા પાસે રીક્ષાને આંતરીને ઉભી રખાવી હતી. ત્યારબાદ જમાઈએ સાસુ પર દાંતરડા વડે જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં સાસુએ દાંતરડુ પકડી પાડતા હાથે કાંડાના ભાગે તેમજ કોણી પર દાંતરડુ વાગ્યું હતું. જયારે રીક્ષા ચાલકે વચ્ચે પડીને મામલો થાળે પાડ્યો હતો. જયારે જમાઈ સાસુને ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપતો હતો. જયારે સમગ્ર ઘટના જોઈ હચમચી ગયેલી યુવતિએ તાત્કાલીક બાઈક પાછળ બેસી સાસરી જલુંદ જતી રહી હતી. જયારે ઈજાગ્રસ્ત સાસુને સારવાર માટે લઈ જવાતા કાંડાના ભાગે પાંચ ટાંકા લેવા પડ્યા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસે જમાઈ સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અડાલજ પ્રાથમિક શાળાનો ૧૬૦મો જન્મદિન ઉજવાયો

## વડાપ્રધાનના સૂચનનો અમલ કરતી અડાલજ પ્રા.શાળા : કેક કાપીને ગામમાં સામુહિક ઉજવણી કરાઇ જેમાં ગ્રામજનો પણ ઉત્સાહથી જોડાયાં





ગાંધીનગર, તા.૩

પોતાની ગામની શાળા પ્રત્યે આત્મીયતા કેળવાય તેમજ નાગરિકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવે અને રુચિ કેળવાય તે આશયથી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલા સરપંચ સંમેલનમાં પોતાના ગામની શાળાના જન્મદિવસની સામુહિક ઉજવણી કરવામાં આહવાન કર્યું હતું. ગાંધીનગર જિલ્લાના અડાલજ ગ્રામ પંચાયત દ્વારા વડાપ્રધાનના આ ઉમદા વિચારને ચરિતાર્થ કરી ગામની શાળા અને ગ્રામજનો વચ્ચે સેતુ બંધાય તે પ્રકારે અડાલજ પ્રાથમિક શાળાની ૧૬૦માં જન્મદિનની સામુહિક ઉજવણી કરવામાં આવી હતી.

કોઈ સરકારી પ્રાથમિક શાળાની જન્મ દિવસની ઉજવણી થઈ હોય, તેમા પણ વિશેષ આત્મીયતા અને આટલા ઉત્સાહ સાથે ગ્રામજનો આ ઉજવણી પ્રસંગે જોડાયા હોય તેવો આ પ્રથમ કિસ્સો છે ત્યારે આ પ્રાથમિક શાળાની માહિતી આપતા અડાલજ ગ્રામ પંચાયતના સરપંચ બિનિતાબેન પ્રજ્ઞેશભાઈ પટેલે કહ્યું હતું કે, અડાલજ પ્રાથમિક શાળાની સ્થાપનાને ૧૫૯ વર્ષ પુરા થયા છે અને શાળાનો આ ૧૬૦ મો જન્મ દિવસ છે. શાળાની સ્થાપના તા.૧લી જુલાઈ ૧૮૬૩ માં થઈ હતી અને ત્યાર બાદ તા.૧લી જુલાઈ ૧૯૮૭ના રોજ કન્યા શાળા અને કુમાર શાળા અલગ થઈ હતી. અડાલજ પ્રાથમિક શાળાની જન્મદિવસની ઉજવણી કેક કાપીને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સરસ્વતી વંદના કરીને કરવામાં આવી હતી. આ તકે અડાલજ પ્રાથમિક શાળામાં જ અભ્યાસ કરી ચૂકેલા અને હાલ સારી પરિસ્થિતિએ પહોંચેલા આગેવાનો દ્વારા અડાલજ પ્રાથમિક શાળાના વિકાસ માટે રાજ્ય સરકારની વતન પ્રેમ યોજનાનો લાભ લઈ શાળાને જરૂરી યોગદાન આપવાની તૈયારી પણ બતાવી હતી. આ પ્રસંગે જિલ્લા સદસ્ય જયાબેન ઠાકોર, તાલુકા સદસ્ય રતનબેન ચાવડા, અડાલજ ગ્રામપંચાયતના તમામ સભ્યો, ગામના આગેવાનો તેમજ આ શાળામાં અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપરાંત બંને શાળાના શિક્ષક ઉપસ્થિત રહ્યાં હતાં.

# વાવોલમાં શાલીન-૨ અને અનસ્ય ગ્રીન ખાતે વૃક્ષારોપણ યોજાયું



ગાંધીનગર, તા.૦૩

અષાઢ માસના પ્રારંભ સાથે જ શહેરના આકાશમાં વાદળો ગોરંભાવા લાગ્યાં છે અને તે સાથે જ શહેરમાં વૃક્ષારોપણ પ્રવૃતિ માટે પ્રકૃતિપ્રેમીઓમાં સળવળાટ શરૂ થઈ ગયો છે કેમકે આ ઋતુમાં વાવેલાં છોડ ઝડપથી જમીન સાથે ચોંટી જાય છે જેના કારણે તેની વૃક્ષ તરીકે વિકાસ પામવાની શક્યતા વધી જાય છે. જેમ ખેડૂતો વરસાદના વર્તારા સાથે વાવણી શરૂ કરે તેમ શહેરમાં પર્યાવરણ પ્રેમીઓએ વૃક્ષારોપણનો પ્રારંભ કરી દીધો છે. શહેરના વાવોલ વિસ્તારમાં શાલીન-૨ સોસાયટી અને નવનિર્મિત અનસ્ય ગ્રીન એપાર્ટમેન્ટ ખાતે રવિવારની સવારે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના ડેપ્યુટી મેયર અને સ્થાનિક કોર્પોરેટર પ્રેમલસિંહ ગોલે ઉપસ્થિત રહ્યાં હતા. આ સાથે તેમણે વૈદેહી એલિગન્સ સોસાયટીની શુભેચ્છા મુલાકાત પણ લીધી હતી અને ત્રણેય સોસાયટીઓમાં તેમણે તમામ વસાહતીઓને પોતાનો નંબર આપીને તેમને નડતી કોઈપણ સમસ્યા હોય કે વિસ્તારના વિકાસ માટે કોઈ સૂચન હોય તો જણાવવા કહ્યું હતું જેથી તેઓ સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવી શકે અને યોગ્ય સૂચનો લાગે તો તેનો અમલ કરાવી શકે. ત્રણેય સોસાયટીમાં તેમની મુલાકાત દરમ્યાન સોસાયટીના કારોબારી હોદ્દેદારો સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સિવિલમાં પાર્કીંગ ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવશે...?

### કેમ્પસમાં વાહનોના ખડકલાને પગલે એમ્બ્યુલન્સને પણ તકલીફનો સામનો કરવો પડે છે. જયારે સાંજ ઢળતા જ પાર્કિંગ પેલેસ અસામાજીક પ્રવૃતિઓ ફુલીફાલી રહી છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચોતરફ આડેધડ પાર્કિંગ થાય છે. ગમે તેમ વાહનના ખડકલાને પગલે કેટલાક વાહનચાલકો હેરાન પરેશાન થઈ જાય છે. જયારે બીજાતરફ પાર્કિંગની યોગ્ય વ્યવસ્થાના અભાવે ચોર ઈશમોને વાહનચોરી માટે મોકળુ મેદાન મળ્યું છે. તો બીજીતરફ સાંજ ઢળતા જ પાર્કિંગ સ્થળમાં અસામાજીક પ્રવૃતિઓ ધમધમે છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા ઝડપી પાર્કિંગ ટેન્ડર બહાર પાડવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં કોરોના કાળથી પાર્કિંગ રણીધણી વગરનું પડ્યું છે. વાહનની કોઈ સલામતી ન હોવાથી વાહનચાલકો પણ પાર્કિંગમાં યોગ્ય રીતે વાહન પાર્ક કરતા સો વખત વિચારે છે. સિવિલ કેમ્પસમાં જયાં જગ્યા મળે ત્યાં આડેધડ પાર્કિંગ કરી દેતા હોય છે. જેને પગલે સિક્યુરીટી ગાર્ડ તેમજ વાહનચાલકો વચ્ચે ક્યારેક રકઝકના દ્રશ્યો પણ સર્જાય છે.

જયારે પાર્કિંગમાં રેખદેખવાળુ કોઈ ન હોવાથી ચોર શખ્સોને સિવિલ કેમ્પસ વાહનચોરી માટે ફેવરીટ જગ્યા મળી ગઈ છે. સિવિલમાં કેમ્પસમાંથી છાશવારે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. કેમ્પસમાં વાહનોના ખડકલાને પગલે એમ્બ્યુલન્સને પણ તકલીફનો સામનો કરવો પડે છે. જયારે સાંજ ઢળતા જ પાર્કિંગ પેલેસ અસામાજીક પ્રવૃતિઓ ફુલીફાલી રહી છે. કેમ્પસમાં વાહનોના ગેમ તેમ પાર્કિંગને પગલે અન્ય વાહનચાલકોને પણ હાલાકીનો સામનો કરવો પડે છે. સિવિલ હોસ્પિટલમાં પાર્કિંગનો પ્રશ્ન હાલના સમયે વિકટ સમસ્યા છે. ત્યારે સિવિલ કેમ્પસમાં પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા જળવાય તે માટે તંત્ર દ્વારા ઝડપી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી લોગમાંગ ઉઠવા પામી છે.

# મહુન્દ્રા પાટીયા પાસેથી સ્વીફ્ટ કારમાંથી ફિલ્મી ઢબે રૂ.૮૦ હજારનો દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૩

મહુન્દ્રા પાટીયા પાસેથી ફિલ્મી ઢબે પીછો કરી ચિલોડા પોલીસે સ્વીફ્ટ કારમાંથી રૂ.૮૦ હજારના વિદેશી દારુ સાથે બે શખ્સોને પકડી પાડ્યા છે.જયારે પોલીસે કાર, દારુ, મોબાઈલ સહિત રૂ.૩.૩૪ લાખનો મુદ્દમાલ કબ્જે કરી દારૂ મોકલનાર અને મંગાવનાર સામે પણ પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના પીઆઈ એમ.જી.જાડેજાની ટીમના સભ્યો પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે એક સિલ્વર કલરની સ્વીફ્ટ કાર નં. જી.જે.૨૭.એ.એચ.૯૫૭૮ માં વિદેશી દારુની બોટલો છે અને તે કાર હિંમતનગર થી ચિલોડા તરફ આવી રહી છે. જે બાતમીને પગલે ટીમ વોચમાં મહુન્દ્રા પાટીયા પાસે ગોઠવાઈ ગઈ હતી.બાતમીવાળી કાર આવતા પોલીસે તેને રોકવા માટે ઈશારો કર્યો હતો.પરંતુ કાર ચાલકે કાર હંકારી મુકી હતી. જેથી પોલીસે કારનો પીછો કરી માવાવાળાની દુકાન પાસે કારને કોર્ડન કરી લીધી હતી. કારની અંદરથી નારાયણ ઉર્ફે નારણીયો હગરામજછ પંડવાલા (રહે.પાલપાદર બિચ્છુવાડા,રાજસ્થાન), જીવાલાલ કમલાજી શંકર વરહાત (રહે છાપી ચંન્દ્રવાસ બિચ્છુવાડા) ને પોલીસે પકડી પાડ્યા હતા. કારમાંથી વિદેશી દારુની ૧૪૪ બોટલ કિં.રૂ.૮૦,૬૪૦ મળી આવી હતી. જયારે પોલીસે દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો અને કોને આપવાનો હતો પુછપરછ કરતા અમદાવાદ ન્યું રાણીપમાં રહેતા કિશન દુબેએ દારૂ મંગાવ્યો હતો અને સુભાષ પદમજી કલાલ (રહે.ભોમટાવાડા ઉદયપુર) દ્વારા મોકલવામાં આવ્યા હતા. પોલીસે દારૂ સહિત રૂ.૩.૩૪,૧૪૦ નો મુદ્દામાલ સાથે ૨ ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.